## <u>મહેકમ શાખા-૨/વાહન પેશગી</u> :-

**બોર્ડ/સરકારશ્રી દ્વારા નિમણુંક પામેલ અધિકારી/કર્મચારીઓની વાહન પેશગી બાબતે.**

૧: વાહન પેશગી સરકારશ્રીના નિયમોનુસાર મંજુર કરવામાં આવે છે. જે માટે નાણાં વિભાગના નિયત નમુનાના અરજીના ફોર્મમાં સંબંધિત ઝોન/વર્તુળ કચેરીની ભલામણસહ દરખાસ્ત બોર્ડ કચેરીમાં મોકલવાની હોય છે.જેનું ફોર્મ નાણાં વિભાગના નિયત કરેલ ફોર્મમાં રજુ કરવાનું હોય છે. પરંતુ હાલમાં વાહન પેશગી મેળવવા માટેની દરખાસ્તો આવતી નથી

૨: અગાઉ બોર્ડ દ્વારા જે વાહન પેશગી મંજુર કરવામાં આવેલ છે, તેનાં "ના-લ્હેણાં પ્રમાણપત્ર" અંગેની દરખાસ્તો ક્ષેત્રિય કચેરીઓમાંથી ભલામણસહ આવે છે.

- "ના-લ્હેણાં પ્રમાણપત્ર" મેળવવા માટેની દરખાસ્ત સાથે વિગત/ માહિતી પુરી પાડવા માટે બોર્ડ કચેરીના તા:૨૮/૦૩/૨૦૦૬ના પરિપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે.(જે વેબસાઇટ ઉપર મુકવાનો થાય.)

- આ પરિપત્રમાં સુચવ્યા મુજબ વિગત/માહિતી પુરી પાડેલ છે કે કેમ? તેની ચકાસણી કરવામાં આવે છે. અને માહિતી પુરી પાડેલ હોય તેમજ વાહન પેશગી પેટેની સંપુર્ણ રકમ વસુલાત થઇ ગયેલ હોય તો "ના-લ્હેણાં પ્રમાણપત્ર" આપવામાં આવે છે
- તા:૨૮/૦૩/૨૦૦૬ના પરિપત્રમાં સુચવ્યા મુજબની માહિતી/વિગત પુરી પાડેલ ન હોય તો જરૂરી સ્પષ્ટતા કરવા માટે બોર્ડ કચેરી દ્વારા રીમાર્કસ લેવામાં આવે છે.

૩: બોર્ડ કચેરી ખાતે ફરજ બજાવતાં વર્ગ-૪ના કર્મચારીઓએ તહેવાર પેશગી/અનાજ પેશગી સરકારશ્રી ના નિયમોનુસાર મંજુર કરવામાં આવે છે. જે માટે સરકારશ્રીએ નિયત કરેલા અરજી ફોર્મમાં અરજી કરવાની હોય છે.

૪: બોર્ડ હસ્તકની ક્ષેત્રિય કચેરીઓના મકાન/ગોડાઉન ખાલી કરવા/ભાડે રાખવા/ ભાડામાં વધારો કરવા બાબતે મુ.ઇ.શ્રી/અ.ઇ.શ્રીઓને નાણાંકીય સત્તા સોંપવા બાબતે બોર્ડ કચેરીના પરિપત્ર ક્રમાંક:મકમ શાખા-૨/મ.ભા/૫૭૦, તા:૨૨/૦૧/૦૮ થી કાર્યવાહી કરવા જણાવેલ છે. જે પરિપત્ર વેબસાઇટ પ્રસિધ્ધ કરવાનો થાય.

## <u>મહેકમ-૨</u> :-

<u>બોર્ડ દ્વારા નિમણુંક પામેલ અધિકારી/કર્મચારીઓના સી.પી.એફ. બાબત.</u>

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા કોન્ટ્રીબ્યુશન પ્રો. ફંડ રેગ્યુલેશન -૧૯૮૩ થી પોતાના નિયમો ઘડવામાં આવેલ છે.

જે નિયમો હેઠળ બોર્ડ દ્વારા નિમણુંક પામેલ અધિકારી/કર્મચારીઓ સી.પી.એફ. પેશગી/પાર્ટ ફાઇનલ/રાજીનામું મંજુર થયે આખરી ઉપાડ/નિવૃત્ત થયે આખરી ઉપાડ/અવસાનના કિસ્સામાં આખરી ઉપાડ મંજુર કરવા બાબતના જુદા જુદા ફોર્મ ઉકત એકટમાં સમાવેશ કરવામાં આવેલ છે. જે અંગે ઉકત્ એકટ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવાનો થાય.

- ઉકત એકટ ૧૯૮૩- બાદ સરકારશ્રી દ્વારા જી.પી.એફ/વર્ધિત ફંડમાં જે સુધારા વધારા કરવામાં આવે છે,તેનો અમલ બોર્ડ દ્વારા સી.પી.એફ. યોજનામાં આપોઆપ લાગુ પાડવામાં આવે છે.

- ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,ગાંધીનગરના કા.આ.ક્રમાંક:મકમ શાખા-૨/સત્તા સોંપણી /૧૬૦૧,તા:૦૧/૦૩/૨૦૦૦ થી બોર્ડની મુખ્ય કચેરી તેમજ બોર્ડ હેઠળની ક્ષેત્રિય કચેરીઓ જેવી કે ઝોન કચેરી/વર્તુળ કચેરી/વિભાગીય કચેરીઓને વર્ગ-૧ થી ૪ ના અધિકારી/કર્મચારીઓના સામાન્ય ભવિષ્યનિધિ(જી.પી.એફ.)વર્ધિત ભવિષ્ય નિધિ (સી.પી.એફ.)મંજુર કરવા સત્તાઓ આપવામાં આવેલ છે.જે કાર્યાલય આદેશ વેબસાઇટ પર મુકવાનો થાય.

- ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ હસ્તક ફરજ બજાવતાં સરકારશ્રી દ્વારા નિમણુંક પામેલ અધિકારી/કર્મચારીઓને સરકારશ્રીના જી.પી.એફ.ના નિયમો લાગુ પાડવામાં આવે છે.જે સરકારશ્રીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

- ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ ,ગાંધીનગર તેમજ બોર્ડ હસ્તકની ઝોન કચેરી/ વર્તુળ કચેરી/વિભાગીય કચેરી/પેટા વિભાગીય કચેરીઓમાં ફરજ બજાવતાં વર્ગ-૩ના હંગામી ડ્રાયવર કર્મચારીઓ તેમજ વર્ગ-૪ના હંગામી કર્મચારીઓને સરકારશ્રીના ધારાધોરણ/ઠરાવો મુજબ ગરમ ગણવેશ/યુનિફોર્મ/છત્રી/રેઇનકોટ આપવામાં આવે છે. જે સરકારશ્રીની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.